# તમારા પ્રોસ્ટેટ વિશે જાણો

## પુરુષો માટે માહિતી




PROSTATE
CANCER UK

Gujarati/English

# આ પત્રિકા વિશે

આ પત્રિકા પ્રોસ્ટેટ (પુરસ્થગ્રંથિ) અંગેની માર્ગદર્શિકા છે - તે શું છે, તે શું કાર્ય કરે છે અને તેની સાથે શું ખોટુ થઇ શકે છે.

અમે એ પણ સમજાવીએ છીએ કે કયા ફેરફારો પર ધ્યાન રાખવું અને જો તમને લાગે કે તમને પ્રોસ્ટેટની સમસ્યા હોય તો શું કરવું.

# પ્રોસ્ટેટ એટલે શું?

પ્રોસ્ટેટ એક ગ્રંથિ છે. તે સામાન્યપણે અખરોટના કદ અને આકારની હોય છે અને તમારી વધતી વયની સાથે તે મોટું થતું જાય છે. તે મૂત્રાશયની નીચે આવેલ હોય છે અને મૂત્રમાર્ગની ફરતે જે નળી હોય છે તે પેશાબ (વી)ને શરીરમાંથી બહાર કાઢે છે. પ્રોસ્ટેટનું મુખ્ય કાર્ય વીર્ય બનાવવામાં મદદ કરવાનું છે – પ્રવાહી જે શુક્રાણુ વહન કરે છે.



# પ્રોસ્ટેટ કોને થાય છે?

નીચેના લોકોને પ્રોસ્ટેટ થાય છે:
- પુરુષોમાં
- લિંગપરિવર્તિત (ટ્રાન્સસેક્સ્યુઅલ) સ્ત્રીઓ*
- બિન દ્વિસંગી (નોન બાઇનરી) લોકો જેઓને જન્મ સમયે પુરુષ તરીકે સોંપેલ હતા**
- કેટલાક દ્વિલિંગી લોકો.***

# તમારા પ્રોસ્ટેટ સાથે શું ખોટું થઈ શકે?

સૌથી સામાન્ય પ્રોસ્ટેટ સમસ્યાઓ આ મુજબ છે:
- વિસ્તારિત પ્રોસ્ટેટ
- પ્રોસ્ટેટાઇટીસ
- પ્રોસ્ટેટ કેન્સર.

* ટ્રાન્સસેક્સ્યુઅલ સ્ત્રી જેઓની જન્મ સમયે પુરુષ તરીકે નોંધણી થયેલ હતી અને ઓળખાય છે સ્ત્રી તરીકે. ટ્રાન્સસેક્સ્યુઅલ સ્ત્રીઓને હોર્મોન્સ લેવા છતાં, અથવા તેઓએ જનનાંગોની રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી કરાવી હોવા છતાં પણ પ્રોસ્ટેટની સમસ્યાઓ વિકસી શકે છે. આ શસ્ત્રક્રિયા દરમિયાન પ્રોસ્ટેટને દૂર કરવામાં આવતું નથી.

** નૉન બાઇનરી વ્યક્તિ પુરુષ કે સ્ત્રી તરીકે ઓળખાતા નથી.

*** દ્વિલિંગી વ્યક્તિમાં પુરુષ અને સ્ત્રી જાતિ એમ બન્નેની લાક્ષણિકતાઓ હોઇ શકે છે અને તેથી જ પ્રોસ્ટેટ થઈ શકે છે.

# મારે કયા ફેરફારોથી ચેતેલા રહેવું જોઇએ?

તમે પેશાબ કરો ત્યારે તમને કોઇપણ ફેરફારો ધ્યાન પર આવે અથવા નીચે આપેલ કોઇપણ સમસ્યાઓ થાય, તો આ તમારા પ્રોસ્ટેટમાં સમસ્યાની નિશાની હોઇ શકે છે.

☑ તમને જે સમસ્યાઓ હોય તેના પર નિશાની કરીને આ પુસ્તિકા તમારા ડૉકટર અથવા નર્સ પાસે લઈ જવાથી તમને મદદ મળી શકે.

ફેરફારોથી ચેતેલા રહેવામાં નીચે મુજબનાનો સમાવેશ થાય છે:

- ☐ ખાસ કરીને રાત્રે, સામાન્ય કરતા વધુ વારંવાર પેશાબ જવાની આવશ્યકતા પડે
- ☐ પેશાબની શરૂઆત કરવામાં મુશ્કેલી
- ☐ પેશાબ સમાપ્ત કરવામાં લાંબો સમય લાગવો અથવા અતિશ્રમ પડવો
- ☐ તમે જ્યારે પેશાબ કરો ત્યારે નબળો પ્રવાહ
- ☐ તમારું મૂત્રાશય યોગ્ય રીતે ખાલી થયું નથી તેવી લાગણી થવી
- ☐ અચાનક પેશાબ કરવાની જરૂર પડવી - કેટલીક વખત શૌચાલય પહોંચતા પહેલાં જ પેશાબ નીકળી થવો
- ☐ તમે પેશાબ કરવાનું સમાપ્ત કરો ત્યારબાદ પેશાબનું ટપકવું.

ઓછા સામાન્ય ફેરફારોમાં સમાવેશ છે:

- ☐ પેશાબ કરતી વખતે દુ:ખાવો થવો
- ☐ વીર્યસ્ખલન કરતી વખતે દુ:ખાવો થવો
- ☐ પેશાબ અથવા વીર્યમાં લોહી આવવું
- ☐ શિશ્નોત્થાન હાંસલ કરવામાં અથવા જાળવી રાખવામાં સમસ્યાઓ થવી.

પેશાબની સમસ્યાઓ વધુ વયના પુરુષોમાં સામાન્ય હોય છે. તે ચેપ, ડાયાબિટીસ જેવી અન્ય સ્વાસ્થ્ય સમસ્યા, અથવા અમુક દવાઓના કારણે પણ થઈ શકે છે.

**પેશાબ અંગેની સમસ્યાઓ સામાન્યપણે કેન્સરને લીધે હોતી નથી.** જો તમને કોઇપણ ફેરફારો ધ્યાન પર આવે તો આપણે અહીં તેના વિશે વાત કરીશું, તમારા ડૉકટર અથવા નર્સ સાથે વાત કરવી. તમે 0800 074 8383 પર અમારા નિષ્ણાત નર્સોને પણ કૉલ કરી શકો છો અને દુભાષીયા સાથે વાત કરવા જણાવી શકો છો.

# વિસ્તારિત પ્રોસ્ટેટ એટલે શું?

વિસ્તારિત પ્રોસ્ટેટ એટલે કે પ્રોસ્ટેટના કદમાં વધારો. તમે તેને બિનાઇન પ્રોસ્ટેટિક એન્લાર્જમન્ટ (BPE) અથવા બિનાઇન પ્રોસ્ટેટિક હાઇપરપ્લાસિઆ (BPH) તરીકે પણ ઓળખી શકો છો. તે 50થી વધુ વયના પુરુષોમાં અતિ સામાન્ય છે. વિસ્તારિત પ્રોસ્ટેટ એટલે કેન્સર **નહીં** અને તે પ્રોસ્ટેટ કેન્સર થવાના તમારા જોખમમાં વધારો કરતું નથી.

### સામાન્ય પ્રોસ્ટેટ




### વિસ્તારિત પ્રોસ્ટેટ




જેમ જેમ પ્રોસ્ટેટ વૃદ્ધિ પામે તેમ તે તમારા મૂત્રમાર્ગ (તમે જે નળી મારફત પેશાબ કરો છો)ની નળી પર દબાણ આપી શકે છે અને પેશાબના પ્રવાહને ધીમો અથવા બંધ કરી દે છે.

આને કારણે નીચે મુજબ થઈ શકે છે:

- ☐ તમે જ્યારે પેશાબ કરો ત્યારે નબળો પ્રવાહ
- ☐ તમારું મૂત્રાશય યોગ્ય રીતે ખાલી થયું નથી તેવી લાગણી થવી
- ☐ પેશાબની શરૂઆત કરવામાં મુશ્કેલી
- ☐ તમે પેશાબ કરવાનું સમાપ્ત કરો ત્યારબાદ પેશાબનું ટપકવું
- ☐ ખાસ કરીને રાત્રે, સામાન્ય કરતા વધુ વારંવાર પેશાબ જવાની આવશ્યકતા પડે
- ☐ અચાનક પેશાબ કરવાની જરૂર પડવી - કેટલીક વખત શૌચાલય પહોંચતા પહેલાં જ પેશાબ લીક થવો.

તમને આ પૈકી તમામ લક્ષણો ન પણ જણાય અને વિસ્તારિત પ્રોસ્ટેટ ધરાવતા કેટલાક પુરુષોને કોઇ જ લક્ષણો જણાતા નથી. આ લક્ષણો અન્ય બાબતોને કારણે પણ જણાઇ શકે જેમકે ઠંડું હવામાન, અસ્વસ્થતા, અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ, તમારી જીવનશૈલી અને કેટલીક દવાઓ.

વિસ્તારિત પ્રોસ્ટેટના લક્ષણોનો ઉપચાર કરવાની અમુક રીતો છે જેમકે તમે શું પીવો છો તેમાં ફેરફાર કરવો, દવાઓ અથવા શસ્ત્રક્રિયા.

# પ્રોસ્ટેટાઇટીસ એટલે શું?

પ્રોસ્ટેટાઇટીસ એ પ્રોસ્ટેટમાં ચેપ અથવા તેનો દાહ (સોજો) છે. તે કેન્સર **નથી** અને તે પ્રોસ્ટેટ કેન્સર થવાના તમારા જોખમમાં વધારો કરતું નથી. તે કોઇપણ વયના પુરુષોને અસર કરી શકે છે, પરંતુ તે સૌથી સામાન્ય 30 અને 50 ની વચ્ચેની વયના પુરુષોમાં જોવા મળે છે.



લક્ષણો એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં અલગ અલગ હોઇ શકે છે અને તેમાં નીચેનાનો સમાવેશ હોઇ શકે છે:

- ☐ અસ્વસ્થતા, દુ:ખાવો અથવા તમારા વૃષણમાં, **વૃષણ** અને ગુદાની વચ્ચેના વિસ્તાર, અથવા શિશ્નની ટોચમાં દુ:ખાવો
- ☐ તમારા પેટના નીચેના ભાગમાં, પેડુંમાં અથવા પીઠમાં અસ્વસ્થતા અથવા દુ:ખાવો
- ☐ પેશાબ કરવામાં મુશ્કેલી અને તમારું મૂત્રાશય યોગ્ય રીતે ખાલી નહીં થવાની લાગણી થવી
- ☐ વધુ વાંરવાર અથવા તાકીદે પેશાબ કરવાની જરૂર પડે છે
- ☐ પેશાબ કરવા દરમિયાન અથવા પછી દુ:ખાવો થવો કે ડંખવું
- ☐ તમને એવી લાગણી થવી જાણે કે તમે ગોલ્ફના દડા પર બેઠા હોવ
- ☐ જાતિય સંબંધની કોઇ ઇચ્છા ન થવી (ઓછી કામેચ્છા)
- ☐ શિશ્નોત્થાન હાંસલ કરવામાં અથવા જાળવી રાખવામાં સમસ્યાઓ થવી, વીર્ય સ્ખલન દરમિયાન અથવા ત્યાર પછી દુ:ખાવો અથવા બળતરા થવી અને નિયત સમય પહેલા વીર્યસ્ખલન થવું – જો કે આ બધું ઓછું સામાન્ય છે.

તીવ્ર પ્રોસ્ટેટાઇટીસને કારણે શરીરનું તાપમાન વધી શકે અને પરસેવો થઈ શકે અને તમારે હૉસ્પિટલમાં જવાની આવશ્યકતા પડી શકે.

એવી બાબતો છે જે પ્રોસ્ટેટાઇટીસના ઇલાજ કે સંચાલનમાં મદદરૂપ થઈ શકે જેમાં સામેલ છે આરામ કરવો, પુષ્કળ પાણી પીવું અને દવાઓ લેવી.

# પ્રોસ્ટેટ કેન્સર એટલે શું?

પ્રોસ્ટેટમાં જ્યારે ગાંઠ થવાનું શરૂ થાય ત્યારે આમ બને છે.

પ્રોસ્ટેટ કેન્સર મોટા ભાગે ધીમેથી વૃદ્ધિ પામે છે અને તેનાથી ક્યારેય કોઇપણ સમસ્યાઓ થઇ શકે નહીં. પરંતુ કેટલાક પ્રોસ્ટેટ કેન્સર વધુ ઝડપથી વૃદ્ધિ પામે છે. આનાથી સમસ્યાઓ થવાની સંભાવના વધારે છે અને તેના પ્રસારને રોકવા માટે સારવાર જરૂરી છે.

પ્રોસ્ટેટ કેન્સર માટે વિવિધ સારવારો ઉપલબ્ધ છે. કેટલીક સારવારોનું લક્ષ્ય કેન્સર દૂર કરવાનું છે. જો કેન્સરને દૂર કરવું શક્ય ન હોય તો એવી સારવારો છે જેનાથી તમે એને નિયંત્રણમાં રાખી શકો છો.



# શું પ્રોસ્ટેટ કેન્સરના કોઇ લક્ષણો છે?

**પ્રોસ્ટેટ કેન્સરની શરૂઆત થઈ હોય એવા મોટા ભાગના પુરુષોમાં કોઇપણ લક્ષણો હોતા નથી.**

પરંતુ કેટલાક પુરુષોને પેશાબ કરવામાં મુશ્કેલી નડી શકે છે (વી). તમે જે રીતે પેશાબ કરો છો એમાં જો તમને કોઇ ફેરફારો જણાય (પાન 4 જુઓ)તો તે ઘણું કરીને વિસ્તારિત પ્રોસ્ટેટનું ચિહ્ન હોવાની અથવા કોઇ અન્ય સ્વાસ્થ્ય સમસ્યા હોવાની સંભાવના વધુ છે. પરંતુ તેમ છતાં તમારા ડૉક્ટર સાથે વાત કરવી એ શ્રેષ્ઠ ઉપાય છે.

જો પ્રોસ્ટેટ કેન્સર પ્રોસ્ટેટ (સ્થાનિક રીતે એડવાન્સ્ડ પ્રોસ્ટેટ કેન્સર)માંથી બહાર નીકળી જાય અથવા શરીરના અન્ય ભાગોમાં ફેલાય (એડવાન્સ્ડ પ્રોસ્ટેટ કેન્સર), તો તેને કારણે અન્ય લક્ષણો જોવા મળી શકે છે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- ☐ પીઠમાં, નિતંબ અથવા પેડુંમાં દુ:ખાવો
- ☐ શિશ્નોત્થાન હાંસલ કરવામાં અથવા જાળવી રાખવામાં સમસ્યાઓ થવી
- ☐ પેશાબ અથવા વીર્યમાં લોહી આવવું
- ☐ કોઇ કારણ વિના વજન ગુમાવવું.

આ લક્ષણો સમાન્યપણે અન્ય બાબતોને કારણે થાય છે જે પ્રોસ્ટેટ કેન્સર નથી હોતું. તેમ છતાં, તમારા ડૉક્ટર સાથે વાત કરવીએ સારો વિચાર છે જેથી તેઓ તેના કારણો શોધી શકે અને સુનિશ્ચિત કરે કે તમને યોગ્ય સારવાર મળે.

# શું મને પ્રોસ્ટેટ કેન્સર થવાનું જોખમ છે?

UK માં, 8 પુરુષોમાંથી 1ને પ્રોસ્ટેટ કેન્સર થશે.



તમને પ્રોસ્ટેટ કેન્સર થવાની સંભાવના વધુ હોઇ શકે જો:




**તમે 50 અથવા તેનાથી વધુ વયના છો** – અને તમારું જોખમ તમારી વધતી વયની સાથે વધતું જાય છે.



**પારિવારિક ઇતિહાસ અને જનિનો** – જો તમારા પિતા અથવા ભાઇને તે થયું હોય તો તમને થવાની સંભાવના અઢી ગણી વધી જાય છે. જો તમારી માતા અથવા બહેનને સ્તન કેન્સર થયેલ હોય તો તમારું જોખમ પણ વધી જાય છે.



**તમે અશ્વેત પુરુષ છો** – અશ્વેત પુરુષોને યુવાન વયે અન્ય પુરુષો કરતા પ્રોસ્ટેટ કેન્સર થવાની વધુ સંભાવના રહે છે. તમે એક વખત 45 કરતા વધુ વયના થાવ પછી તમારા જોખમમાં વધારો થઈ શકે છે.

### શું હું પ્રોસ્ટેટ કેન્સરને અટકાવી શકું?

પ્રોસ્ટેટ કેન્સરને કેવી રીતે અટકાવવું તેની કોઇને ખબર નથી, પરંતુ તંદુરસ્ત વજન જાળવી રાખવાનું અગત્યનું હોઇ શકે છે. વધુ વજન ધરાવતા હોવાને લીધે કેન્સર થવાના તમારા જોખમમાં વધારો થઈ શકે છે જે આક્રમક (ફેલાવાની સંભાવના વધુ રહે છે) અથવા એડવાન્સ્ડ (કેન્સર જે પ્રોસ્ટેટની બહારની તરફ પણ ફેલાય છે) હોય છે.

# મારે હવે શું કરવું જોઇએ?

આ પત્રિકામાં આપણે વાત કરી તેવા ફેરફારોમાંથી જો કોઇપણ તમને ધ્યાનમાં આવે અથવા પ્રોસ્ટેટ કેન્સરના જોખમ વિશે જો તમે ચિંતિત હોવ તો, તમારા ડૉક્ટરની મુલાકાત લેવી. તમે 0800 074 8383 પર અમારા નિષ્ણાત નર્સોને પણ કૉલ કરી શકો છો અને દુભાષીયા સાથે વાત કરવા જણાવી શકો છો.

પેશાબની સમસ્યાઓ સામાન્યપણે કેન્સર સિવાયની અન્ય બાબતોથી પણ થાય છે અને એવી સારવારો છે જે મદદરુપ થઈ શકે છે. પરંતુ તમારા ડૉક્ટર સાથે કોઇપણ લક્ષણો વિશે વાત કરવી તે અગત્યનું છે.

**“મે પ્રોસ્ટેટ કેન્સર વિષયક એક ટીવી કાર્યક્રમ જોયા બાદ અને મને જોખમ હોઇ શકે એ વિચાર્યા બાદ મારા ડૉક્ટરની મુલાકાત લીધી હતી.**

વ્યક્તિગત અનુભવ

# જો મને કોઇપણ લક્ષણો જણાય નહીં તો શું?

જો તમે 50થી વધુ વયના હોવ (અથવા જો પ્રોસ્ટેટ કેન્સરનો પારિવારિક ઇતિહાસ ધરાવતા હોવ કે અશ્વેત પુરુષ હોવ અને 45થી વધુ વયના હોવ), અને તમે કોઇપણ લક્ષણો ધરાવતા ન હોવ તેમ છતાં તમારે તમારા GP સાથે વાત કરવાની જરૂર પડી શકે છે. આ તમામ બાબતો એવી છે જે તમારા પ્રોસ્ટેટ કેન્સરના જોખમમાં વધારો કરી શકે છે.

# જો મારા કોઇ ડૉક્ટર ન હોય તો શું?

તમે પરિવાર અથવા મિત્રો જેઓ તમારી નજીક રહેતા હોય તેઓને પૂછી શકો છો કે તેઓ ક્યા ડૉક્ટર પાસે જાય છે. અથવા તમે નીચેની વેબસાઇટ્સ પરથી તમારી નજીકમાં ડૉક્ટર શોધી શકો છો:

- ઇંગલૅન્ડમાં **www.nhs.uk**
- સ્કૉટલૅન્ડમાં **www.nhsinform.scot**
- વેલ્સમાં **www.111.wales.nhs.uk**
- નૉર્દર્ન આયરલૅન્ડમાં **www.hscni.net**

જો તમારા કોઇ GP ન હોય તો તમે નિ:શુલ્ક બિન-આપાત્કાલિન તબીબી મદદ મેળવવા માટે NHS 111ને પણ કૉલ કરી શકો છો.

## ડૉક્ટર પાસે જવામાં ચિંતા થાય છે?

કેટલાક પુરુષોને પરીક્ષણો કરાવવામાં ચિંતા અથવા શરમની લાગણી થતી હોય છે. પરંતુ તેનાથી ડૉક્ટર પાસે જવાનું તમે બંધ રાખતા નહીં.

યાદ રાખશો, પરીક્ષણો તમારા ડૉક્ટરને શ્રેષ્ઠ ઉકેલ આપશે કે તમને કોઇ સમસ્યા છે કે કેમ અને તેના માટે સારવારની જરૂર છે કે કેમ. તમે અપૉઇન્ટમેન્ટ લો ત્યારે પુરુષ ડૉક્ટરને બતાવવા માટે કહી શકો છો.

# મારા ડૉક્ટર કયા પરીક્ષણો કરશે?

તમારા ડૉક્ટર પૂછશે કે તમને કોઇ લક્ષણો છે કે કેમ અને જો તમને પ્રોસ્ટેટની સમસ્યા હોય તો તેની તપાસ કરવા માટે થોડા પરીક્ષણો કરશે.

### ડાયરી

તમારા ડૉક્ટર તમે કેટલું પીણું પીવો છો તેનું થોડા દિવસ માટે માપન કરવા તમને ડાયરી રાખવાનું કહી શકે છે. આ તે જોવા માટે છે કે તમારા લક્ષણો શેના કારણે હોઇ શકે છે. તમારે અન્ય પરીક્ષણો પણ કરાવવાના થઈ શકે છે.

### પેશાબ પરીક્ષણ

તમારા ડૉક્ટર લોહી અથવા ચેપ કે જે તમારી સમસ્યાઓનું કારણ બની શકે છે તેની તપાસ કરવા માટે પેશાબનો નમૂનો આપવાનું કહી શકે છે.

### લોહીનું પરીક્ષણ

તમારા લોહીમાં PSA (પ્રોસ્ટેટ સ્પેસિફિક ઍન્ટિજન)ની માત્રા શોધવા માટે તમારા ડૉકટર લોહીનું પરીક્ષણ કરી શકે છે. PSA પ્રોસ્ટેટમાં બને છે. જો તમારા PSAનું સ્તર ઊંચું હોય તો તમારા પ્રોસ્ટેટમાં સમસ્યા હોઇ શકે છે.

જો તમે 50 કરતા વધુ વય ધરાવતા હોવ તો PSA માટે લોહીનું પરીક્ષણ કરાવવાનો તમારો અધિકાર છે અને તમે તમારા ડૉકટર અથવા નર્સ સાથે તેના ફાયદા અને ગેરફાયદાઓ વિશે વાત કરી લીધી છે.

### શારીરિક તપાસ

પાછળના માર્ગ (મળદ્વાર) મારફતે તમારા પ્રોસ્ટેટને સ્પર્શીને તપાસ કરવાનું તમારા ડૉકટર તમને પૂછશે. આને ડિજિટલ રેક્ટલ પરીક્ષણ (DRE) કહેવાય છે. કેટલાક પુરુષોને આ થોડુંક અસુવિધાજનક અથવા શરમજનક લાગે છે પરંતુ તે સામાન્યપણે પીડાદાયક હોતું નથી. જો કે, તમારે DRE કરાવવાનું થશે નહીં. તમે એકલું PSA પરીક્ષણ કરાવવાનો નિર્ણય લઈ શકો છો. તમારા ડૉકટર તમારા પેટનો વિસ્તાર અને શિશ્નની તપાસ પણ કરી શકે છે.

## એક અંગત વાર્તા

**એલી (Ally) 59 વર્ષની વયના હતા જ્યારે તેમને પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થયું હતું:**

“મેં DRE કરાવ્યું હતું ત્યારે મેં વિચારેલ કે - થોડી સેકન્ડ્સની તકલીફ હું સહન કરી લઇશ. એવું કંઇક છે જે હું હંમેશા મિત્રોને કહું છું કે - હા, તે અસુવિધાજનક છે અને તે જોરદાર નથી પરંતુ તે આપણું જીવન બચાવવા માટે જઈ રહ્યું છે તો, થોડી સેકન્ડ્સ તેને સહન કરી લો. શરમિંદગીથી મરી ન જવાય”.

# હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

અમારા નિષ્ણાત નર્સો તમને ફોન પર તમારી પોતાની ભાષામાં દુભાષીયા મારફત સહાયતા કરી શકે છે. ફક્ત 0800 074 8383 પર કૉલ કરીને અંગ્રેજીમાં બોલીને, તમે જે ભાષાનો ઉપયોગ કરવા ઇચ્છતા હોવ તે કહેવું.

તમે તમારા પરિવારજન અથવા મિત્રને પણ અમને કૉલ કરવા કહી શકો અને તેઓ તમારા વતી વાર્તાલાપ શરૂ કરી શકે. તમને દુભાષીયા સાથે જોડવામાં માત્ર થોડી મિનિટો જ લાગે છે.

તમારે માટે જરૂરી હોય તે તમામ પ્રશ્નો પૂછો અથવા ફક્ત વાત કરો – અમારા નિષ્ણાત નર્સો તમારા માટે જ છે. અમે સાથીદારો, પરિવારજનો અને મિત્રો સાથે પણ વાત કરી શકીશું.

તમે પ્રોસ્ટેટની સમસ્યા, સારવારો અને પ્રોસ્ટેટ કેન્સર સાથે જીવવા વિષયક વધુ માહિતી માટેની લિંક્સ ગુજરાતીમા અહીં અમારી વેબસાઇટ **www.prostatecanceruk.org/other-languages**

# Prostate Cancer UK વિષયક

Prostate Cancer UK ની એક સરળ મહત્ત્વકાંક્ષા છે: નિવારણ, નિદાન, સારવાર અને સહાયતામાં સુધારાઓ લાવીને –પુરુષોને પ્રોસ્ટેટ કેન્સરના કારણે મૃત્યુ પામતા બચાવવા.

Prostate Cancer UK, અમે પ્રોસ્ટેટ રોગો વિશે અદ્યતન, નિષ્પક્ષ અને સચોટ હકીકતો પૂરી પાડવા માટે ખૂબ કાળજી લઇએ છીએ. અમે આશા રાખીએ છીએ કે તમે પ્રાપ્ત કરેલ તબીબી સલાહમાં આ વધારો કરશે અને નિર્ણયો લેવામાં તમને મદદરૂપ થશે. તમારા ડૉકટરે આપેલ સલાહમાં ફેરબદલી કરવાનો અમારી સેવાઓનો કોઇ આશય નથી.

# તમારી પોતાની ભાષામાં અમને પ્રશ્નો પૂછો

તમે પ્રોસ્ટેટ સમસ્યા અંગે ચિંતિત છો કે તમારા પ્રૉસ્ટેટ કેન્સરના નિદાનને લઈને ચિંતિત છો? અમારા નિષ્ણાત નર્સો તમને ફોન પર તમારી પોતાની ભાષામાં દુભાષીયા મારફત સહાયતા કરી શકે છે. અમે તમને 200 થી વધુ ભાષાઓમાં મદદરૂપ થઈ શકીશું.

ફક્ત 0800 074 8383 પર કૉલ કરીને અંગ્રેજીમાં બોલીને, તમે જે ભાષાનો ઉપયોગ કરવા ઇચ્છતા હોવ તે કહેવું.

તમે તમારા પરિવારજન અથવા મિત્રને પણ અમને કૉલ કરવા કહી શકો અને તેઓ તમારા વતી વાર્તાલાપ શરૂ કરી શકે. તમને દુભાષીયા સાથે જોડવામાં માત્ર થોડી મિનિટો જ લાગે છે.

અમે સાથીદારો, પરિવારજનો અને મિત્રો સાથે પણ વાત કરી શકીશું.

## અમારા નિષ્ણાત નર્સો સાથે વાત કરો
**0800 074 8383***
**prostatecanceruk.org**

Trusted Information Creator

*Patient Information Forum*

અમને Facebook ઉપર લાઇક કરો: **Prostate Cancer UK**
અમને Twitter પર અનુસરો: **@ProstateUK**

© પ્રોસ્ટેટ કેન્સર Prostate Cancer UK જાન્યુઆરી 2023
જાન્યુઆરી 2026માં સમીક્ષા થશે

**અમારા નિષ્ણાત નર્સોને સોમવાર થી શુક્રવાર સવારે 9 થી સાંજે 5, બુધવારે સવારે 10 થી સાંજે 5 કૉલ કરવો**
* માત્ર તાલીમ હેતુઓસર જ કૉલ્સ રેકૉર્ડ કરવામાં આવે છે.
કૉલ કરનારા અને Prostate Cancer UK વચ્ચે ગોપનીયતા જાળવવામાં આવશે.

Prostate Cancer UK ઇંગલૅન્ડ અને વેલ્સ (1005541)માં તથા સ્કૉટલૅન્ડ (SC039332)માં એક પંજીકૃત સખાવતી સંસ્થા છે. રજિસ્ટર થયેલ કંપની નંબર 02653887.

6688 FYP-GUJ/JUN23

FSC
www.fsc.org
MIX
Paper from responsible sources
FSC® C005739